# પાણી-ગટર વેરાના બાકીદારો પાસેથી તંત્રએ ૧૦ લાખ વસુલ્યા

### બે હજારથી વધુ બાકીદારોને નોટીસ આપી હતી, ૯૨ લાખની બાકી રકમ સામે ૧૦ ટકા વસુલાત થઈ

ગાંધીનગર, તા.૬

શહેરના જુના સેકટરમાં પાણી-ગટર વેરાની બાકી વસુલાત ક્ષેત્રે ૨ ૨૦૦ જેટલા જોડાણકર્તાઓને નોટીસ આપવામાં આવી છે. તંત્રકક્ષાએ નોટીસ અપાયા બાદ બાકી વેરા પેટે રૂ. ૧૦ લાખની વસુલાત પણ થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

શહેરમાં દાયકાઓના અંતે પણ પાણી-ગટર વેરાની વસુલાત ક્ષેત્રે અસરકારક કામગીરી થઈ શકી નથી. તંત્રના અનેક પ્રયાસોના અંતે વર્ષો જૂના બાકી વેરાના માંગણા સંદર્ભે નોંધપાત્ર વસુલાત થઈ શકી નથી. શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પણ વેરો ભરપાઈ ન કરનારા જોડાણકર્તાઓની સંખ્યા વિશેષ છે. પાટનગર યોજનાના પાણી વિભાગ દ્વારા પાણી-ગટર વેરો ભરપાઈ કરવામાં બેદરકાર રહેલા ૨ ૨૦૦થી વધુ જોડાણકર્તાઓને થોડા સમય અગાઉ નોટીસ આપવામાં આવી હતી. જૂના સેકટરોમાં ગત વેરા વસુલાત ઝૂંબેશના અંતે પણ રૂ.૧ ૨ લાખની વસૂલાત બાકી હોવાનું તંત્રના ધ્યાને આવતા આખરે નોટીસ અપાયા બાદ તંત્રના કર્મચારીઓએ વેરો વસુલવા કડક વલણ અપનાવ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર બાકી વેરો વસુલવાની ઝુંબેશ અન્વયે જોડાણકર્તાઓને નોટીસ અપાયા બાદ અંદાજિત રૂ. ૧૦ લાખનું માંગણું વસુલવામાં આવ્યું છે. તંત્ર કક્ષાએથી બાકીદારોને અપોલી નોટીસ અન્વયે વેરો ભરપાઈ નહીં કરનારા સામે જોડાણ રદ કરવા સુધીના પગલા લેવા પણ જણાવાયું છે.

# સે-૫માં ઘરફોડ ચોરી કરનાર વોન્ટેડ શખ્સ આખરે ઝડપાયો

### અગિયાર માસ અગાઉ સાડા પાંચ લાખની ઘરફોડ કરી હતી : ગેંગના ચાર સભ્યો અગાઉ પકડાઈ ગયા હતા

ગાંધીનગર, તા.૬

શહેરના સેકટર-૫ વિસ્તારમાં ૧૧ માસ અગાઉ થયેલી સાડા પાંચ લાખની મત્તાથી ઘરફોડ ચોરીમાં ચાર આરોપીઓની પોલીસે ધરપકડ કરી હતી અને એક સાગરીત વોન્ટેડ હતો. આજે સેકટર-૭ પોલીસે વોન્ટેડ સાગરીતની ધરપકડ કરી રિમાન્ડ મેળવવા તજવીજ શરુ કરી છે. વોન્ટેડ શખ્સને હિંમતનગર એલસીબી પોલીસે ટ્રાન્સફર વોરંટથી સે-૭ પોલીસને સોંપ્યો છે. અન્ય કોઈ ઘરફોડ ચોરી કે બીજા ગુનાઓમાં તેની સંડોવણી છે કે કેમ? તેની તપાસ પોલીસે આરંભી છે.

ગાંધીનગરના સેકટર-૫માં જાન્યુઆરી માસમાં બંધ મકાનનું તાળું તોડીને તસ્કરો અંદાજે સાડા પાંચ લાખની મત્તાની ઘરફોડ કરી ફરાર થઈ ગયાનો કિસ્સો બનવા પામ્યો હતો. આ ઘરફોડ ચોરીની તપાસ દરમિયાન ગાંધીનગર પોલીસે પાંચ શખ્સોની ઘરફોડ ચોરોની ટોળકીના સાગરીતો પૈકી ચારની ધરપકડ અગાઉ કરી લીધી હતી. જયારે એક શખ્સ ભાગેડું હતો. અગિયાર મહિનાથી નાસતો ફરતો હિંમતનગરના કિલ્લા પાછળ આવેલા બજાણીયા વાસનો પ્રકાશ ઉર્ફે હિરા રામા બજાણીયા હિંમતનગર એલ.સી.બી.ના હાથે ઝડપાઈ ગયો હતો. સેકટર-૭ પોલીસ મથકમાં વોન્ટેડ એવા આ ઘરફોડીયાને પોલીસ હિંમતનગર એલસીબી પાસેથી ટ્રાન્સફર વોરંટથી લઈ આવી છે. પ્રકાશની ધરપકડ કરીને સે-૭ પોલીસ મથકના પી.એસ.આઈ. પી.એસ. રાઠોડે તેની સઘન પુછપરછ શરુ કરીને રિમાન્ડ મેળવવા તજવીજ શરુ કરી છે.

# ઘ-૪ વિસ્તારમાં ટ્રાફિક સિનારીયો સુધારવા નિષ્ણાંતોનો અભિપ્રાય લેવાશે

### તંત્ર લાસાના નિષ્ણાંતો પાસે ડિઝાઈન તૈયાર કરાવી અભિપ્રાય લેશે

ગાંધીનગર, તા. ૬

શહેરના મધ્ય વિસ્તારમાં આકાર લેતા સ્વર્ણિમ પાર્કમાં પ્રોજેક્ટને અનુલક્ષી ઉદ્યોગભવનમાં એન્ટ્રી માટેનો ગેટ બદલાયા બાદ ઘ-૪ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા જટીલ બની છે. નાગરિકો રોંગ સાઈડમાં ઘુસી જતા માર્ગ સલામતી જોખમાઈ છે. આ સ્થિતિ નિવારવા પાટનગર યોજના વિભાગ દ્વારા લાસાના નિષ્ણાંતોનો અભિપ્રાય લઈ નવી ડિઝાઈન તૈયાર કરાશે.

નગરના હાર્દસમા વિસ્તારમાં છેલ્લા બે વર્ષથી સ્વર્ણિમ પાર્કની યોજના અન્વયે રસ્તા, ફૂટપાથ અને લેન્ડસ્કેપીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. ગ-૪ થી ઘ-૪ સુધીના આ વિસ્તારમાં સ્વર્ણિમ પાર્કની કામગીરીને અનુલક્ષી ઉદ્યોગભવનમાં પ્રવેશવા માટે એન્ટ્રી અને એક્ઝીટનો ગેટ બદલી દેવાયો છે. ઉદ્યોગભવનના વિશાળકાય બિલ્ડીંગમાં રોજેરોજ હજારો મુલાકાતીઓની અવરજવર થતી હોવાથી ટ્રાફિકથી ધમધમતા આ વિસ્તારમાં નાગરિકોએ રોંગ સાઈડમાં



જવાની ફરજ પડે છે. જેના પરિણામે પીકઅવર્સમાં ચક્કાજામના દશ્યો સાથે ક્યારેક નાના-મોટા અકસ્માતો પણ સર્જાય છે. આ સ્થિતિ નિવારવા જાગૃત નાગરિકો દ્વારા પણ અનેકવાર તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. જ્યારે નગરના અન્ય વિસ્તારમાં ટ્રાફિક સિનારીયો સુધારવા પાટનગર યોજના વિભાગ દ્વારા પણ અભ્યાસ હાથ ધરાયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ વિસ્તારમાં વાહનોને રોંગ સાઈડમાં જતા અટકાવવા લાસાના નિષ્ણાંતોનો અભિપ્રાય લઈ આગળની કાર્યવાહી હાથ ધરાશે. આ મામલે નિષ્ણાંતો દ્વારા નવી ડિઝાઈન પણ તૈયાર કરાશે

# નવનિર્માણ સેના દ્વારા કપડાં વિતરણ કાર્યક્રમ યોજાશે

### નગરજનોને ગરીબોની સેવાર્થે જૂના કપડાં દાનમાં આપવા અનુરોધ

ગાંધીનગર, તા.૬

નવનિર્માણ સેના દ્વારા દર વખતની જેમ દિવાળીએ સેવાકીય પ્રવૃત્તિ અંતર્ગત કપડાંનુ વિતરણ કરવાનું આયોજન વિચારાઈ રહ્યું છે ત્યારે ગાંધીનગરના સજ્જનોને પોતાના જૂના કપડાં આપવા નવનિર્માણ સેનાએ અનુરોધ કર્યો છે.

શિયાળાની શરૂઆત થતાં ઠંડીનો માહોલ જામ્યો છે ત્યારે નગરમાં અને તેની આસપાસ ગરીબ તથા જરુરીયાતમંદ લોકો જરુરી કપડાં વગર ઠૂઠવાતા હોય છે. આવા ગરીબ અને જરુરીયાતમંદ લોકોને કપડાનું વિતરણ કરવામાં આવશે.

જે લોકો તેમના જૂના કપડાં આપી મદદ કરવા માંગતા હોય તો તેઓએ હર્ષદભાઈ મો.નં. ૯૯૧૩૩ ૭૪૩૭૬, મેહુલભાઈનો મો.નં. ૯૭૩૭૮ ૫૩૫૦૧ અથવા પીન્ટુભાઈનો મો.નં. ૯૯૭૪૩ ૮૬૧૧૪ ઉપર સંપર્ક કરવો. નવનિર્માણ સેનાના કાર્યકર્તા જે તે વ્યકિતના નિવાસે આવીને કપડાં લઈ જશે એવું અખબારી યાદીમાં જણાવાયું છે.

# ગાંધીનગર જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિની બેઠક તાજેતરમાં સારસ્વત ભવન ગાંધીનગર ખાતે મળી હતી. જિલ્લાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને સ્પર્શતા પ્રશ્નોની યોગ્ય રજૂઆત કરવા અને નિરાકરણ લાવવાના ભાગરૂપે આગામી બે વર્ષ માટે વિવિધ ઘટક સંઘો દ્વારા ગાંધીનગર જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિની રચના કરવામાં આવી હતી. જેમાં હોદ્દેદારો અને સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના પ્રમુખ તરીકે મનસુખભાઈ પટેલ, મહામંત્રી તરીકે ચીનુભાઈ પટેલ, ઉપપ્રમુખ તરીકે ભાસ્કરભાઈ પટેલ, મંત્રી તરીકે મુકેશભાઈ અમીન તથા સભ્યો તરીકે રણજીતસિંહ બારડ, જયંતિભાઈ પટેલ, રમેશભાઈ પટેલ, દિનેશભાઈ ચૌધરી, મહેન્દ્રભાઈ બાવરીઆ, તુષારભાઈ પટેલ, જગદીશભાઈ પટેલ, હસમુખભાઈ પંડયા, સુરેશભાઈ ચૌધરી, અનિલભાઈ નાયક, પ્રવીણભાઈ પટેલ, કલ્પેશભાઈ રાજપૂત અને રમેશભાઈ ચૌધરીની વરણી કરવામાં આવી હતી.

# શ્રીમદ્ ભાગવત કથા જ્ઞાનયજ્ઞ સપ્તાહનો ૨૬મીથી પ્રારંભ થશે

ગાંધીનગર, તા. ૬

જાળીયા ગામના શિવકુંજ આશ્રમના સંત સીતારામ બાપુની વ્યાસપીઠે તા. ૨૬મી નવેમ્બર-૨૦૧૨થી ગાંધીનગરના કુડાસણ પાસેના વૃંદાવન બંગ્લોઝ, બ્લોક નં. ૪૫ ખાતે શ્રીમદ ભાગવત કથા જ્ઞાનયજ્ઞનો પ્રારંભ કરવામાં આવશે. જેમાં કપિલ ભગવાન પ્રાગટ્ય, વામન ભગવાન પ્રાગટ્ય, નૃસિંહ ભગવાન પ્રાગટ્ય, રામ જન્મ, કૃષ્ણ જન્મ, રૂક્ષ્મણી વિવાહ વગેરે પ્રસંગોનું સંગીતમય શૈલીમાં પ.પૂ. સંત સીતારામ બાપુ રસપાન કરાવશે. ૨૬મી નવેમ્બરથી ૨ જી ડિસેમ્બર દરમિયાન શ્રીમદ ભાગવત કથા નિયમિત સવારે ૯ થી ૧૨ અને સાંજે ૩ થી ૬ કલાક દરમિયાન યોજાશે. કથા શ્રવણનો લાભ લેવા ઘનશ્યામભાઈ શુકલ તથા શુક્લ પરિવારે ખાસ જણાવ્યું છે.

# ટેક્ષ વસુલાત માટે આવકવેરા વિભાગનો અભિનવ પ્રયોગ

### કરદાતાઓ સાથે ફ્રેન્ડલી બનવા વિચારોની આપ લે હકારાત્મક અભિગમ વાર્તાલાપ થકી વિશેષ જાણકારી

ગાંધીનગર, તા.૬

આયકર વિભાગની ગાંધીનગર રેન્જ કચેરીમાં વિજીલન્સ અવેરનેસ ઉજવણી અન્વયે કરદાતાઓમાં જાગૃતિ લાવવા નવતર અભિગમ અપનાવાયો છે. કરદાતાઓ અને અધિકારીઓ વચ્ચે મૈત્રીપૂર્ણ વાતાવરણ વચ્ચે વિભાગની કામગીરી વધુ અસરકારક બનાવવા વાર્તાલાપના માધ્યમથી અનોખું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

ઈન્કમટેક્ષ વિભાગ સાથે આમ નાગરિકો વધુ ફ્રેન્ડલી બને તેમજ કરતાદાઓ જરુરી જાણકારી મેળવવા સામે ચાલીને ઓફિસના દરવાજા પર દસ્તક આપે તેવા અભિગમ સાથે ગાંધીનગર રેન્જની કચેરીએ વિજીલન્સ અવેરનેસ વીક અન્વયે સકારાત્મક અને અસરકારક કાર્યપધ્ધતિ અપનાવાઈ હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. ગાંધીનગર રેન્જના એડીશનલ કમિશનર ચંદ્રસેન ભારતીના માર્ગદર્શન હેઠળ સપ્તાહની ઉજવણી અંતર્ગત આવકવેરા જનજાગૃતિ સંદર્ભે એડવાન્સ ટેક્ષની જાણકારી પૂરી પાડવામાં આવે છે. રેન્જ ઓફિસના અધિકારીઓ દ્વારા પણ રાષ્ટ્રસેવાની કામગીરી નિષ્ઠાપૂર્વક કરવાના ઉમદા અભિગમ સાથે સ્ટાફને પણ માર્ગદર્શન આપી પ્રોત્સાહીત કરવાના પ્રયાસો શરુ કરાયા છે. નાના-મોટા તમામ કરદાતાઓને યોગ્ય સમજણ આપી એડવાન્સ ટેક્ષ માટે પ્રોત્સાહીત કરવા ઝૂંબેશ હાથ ધરાઈ છે. ઈન્કમટેક્ષ કચેરીમાં પણ કાર્યરત સ્ટાફમાં પણ ક્રિએટીવ અભિગમ સાથે અનોખી ચેતના જાગૃત કરવાના પ્રયાસ હાથ ધરાયા છે. રેન્જ કચેરીના કમિશનર કક્ષાએથી પણ હકારાત્મક અભિગમ કેળવી વિભાગની કામગીરી વધુ અસરકારક બનાવવા અભિનવ પ્રયોગ હાથ ધરાયો છે.

# હોટલ મેનેજમેન્ટના સંકુલમાંથી ગાંજાના છોડ મળ્યા !

### પ્રિન્સિપાલને જાનથી મારી નાંખવાની ધમકી આપનાર વિદ્યાર્થીની ધરપકડ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર-કોબા હાઈવે પર આવેલા હોટલ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યૂટના સંકુલમાં બે શંકાસ્પદ છોડ મળી આવતા દોડદામ મચી જવા પામી છે. આ છોડ ગાંજાના હોવાની શક્યતાથી પોલીસ પણ દોડી ગઈ હતી. પ્રતિબંધીત ગાંજાના જ આ છોડ છે કે કેમ તેની સ્પષ્ટ પણે હજુ સુધી ખરાઈ થઈ નથી. પરંતુ જો ગાંજાના છોડ હોય તો તેની ખેતી થતી હતી કે કેમ તે અંગેની તપાસ કરાશે. આ છોડ મળ્યા બાદ વ્યસને ચઢી જતાં કોલેજીયનો પર પણ શંકા જવા પામી હતી. ઉલ્લેખનીય છે કે આ જ સમયે આ કોલેજમાંથી પોલીસે ઈન્સ્ટીટ્યુટના પ્રિન્સિપાલને મારી નાંખવાની ધમકી આપનાર એક વિદ્યાર્થીની પણ ધરપકડ કરી છે. પોલીસે બન્ને બાબતો સંલગ્ન છે કે કેમ તેની તપાસ પણ આરંભી છે.

# ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલના ધો-૧૦ અને ધો-૧૨ના પરીક્ષા ફોર્મ સ્વીકારવાની મુદત લંબાવાઈ

ગાંધીનગર, તા.૬

ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ, ગાંધીનગરના સચિવ એમ.આઈ. જોષીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, માહે માર્ચ ૨૦૧૩ની ધોરણ ૧૦ માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષામાં ખાનગી ઉમેદવાર તરીકે બેસવા માટે ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલમાં નિયત કરેલી ફી સાથે ફોર્મ ભરવાની મુદત ૩૦મી ઓકટોબર ૨૦૧૨ સુધી હતી તે મુદત હવે નિયત કરેલી ફી ઉપરાંત રૂ. ૫૦૦ લેઈટ ફી સાથે તા. ૨૦મી નવેમ્બર ૨૦૧૨ સુધી લંબાવવામાં આવી છે. જેની સંબંધિતોએ નોંધ લેવી.

# એમ.બી.પટેલ સાર્વજનિક હોસ્પિટલને ‘સરદાર પટેલ ગુજરાત ગૌરવ સન્માન’ શિલ્ડ એનાયત

ગાંધીનગર, તા.૬

સર્વોદય આરોગ્ય મંડળ દ્વારા સંચાલિત એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલને તાજેતરમાં તેની માનવ સેવાની પ્રવૃત્તિઓને અનુલક્ષીને સરદાર પટેલ ગુજરાત ગૌરવ સન્માન શિલ્ડ આપવામાં આવ્યો છે.

ગૂજરાત વિદ્યાપીઠના મહાદેવભાઈ દેસાઈ હોલમાં યોજાયેલા સન્માન કાર્યક્રમમાં પૂ. સ્વામી ધર્મબંધુજી દ્વારા વેસ્ટર્ન શીડ્સ ગૃપ, વંદે યુવા ભારત ટ્રસ્ટ, લોક સેવા ટ્રસ્ટ, મિશન વંદેમાતરમ અને સમસ્ત પાટીદાર સમાજના સંયુક્ત ઉપક્રમે એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલને ‘સરદાર પટેલ ગુજરાત ગૌરવ સન્માન’ શિલ્ડ આપી સન્માનીત કરવામાં આવી હતી.

એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલના રામચંદ્રભાઈએ એક નિવેદનમાં જણાવ્યું છે કે, યુગ પુરુષ સ્વામી વિવેદાનંદની ૧૫૦મી જન્મ જયંતિ અને એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલનું રજત જ્યંતિ વર્ષ સાથે આવવાનો આ યોગાનુયોગ સર્જાયો છે. તેમણે જણાવ્યું છે કે, હોસ્પિટલમાં કુપોષણ ધરાવતી માતાઓને પોષણક્ષમ આહાર યોજના, સંસ્થાકીય ડિલીવરી માટે હોસ્પિટલમાં મહ્ત મફત ડિલીવરી, નેત્રદાન, રકતદાન, દેહદાન અંગે પ્રચાર પ્રસાર અને દાતાઓના સંમતિ પત્રકથી શરૂ કરી સંપર્ક કરવા સુધીની વ્યવસ્થા, આરોગ્ય યાત્રાઓ, વ્યસનમુક્તિ ઝૂબેશ, કસરત અને યોગ પ્રાણાયામને દૈનિક કારયક્રમમાં સ્થાન આવતા સઘન પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે.

# જિલ્લા યુવક મહોત્સવમાં જે.એસ. પટેલ વિદ્યાલયના વિદ્યાર્થીઓ ઝળકયા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગામે આવેલી જે.એસ. પટેલ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ તાજેતરમાં જિલ્લા યુવક મહોત્સવમાં ભાગ લીધો હતો. જેમાં વકતૃત્વ સ્પર્ધા, હળવું કંઠય સંગીત, લગ્નગીત અને એકપાત્રીય અભિનય સ્પર્ધામાં જે.એસ. પટેલ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ઉત્તમ દેખાવ કરીને પ્રથમ તથા દ્વિતીય નંબર મેળવ્યો હતો.

જે.એસ. પટેલ વિદ્યા મંદિર શાળાની અંજલીબેન પટેલે વકતૃત્વ સ્પર્ધા અને હળવું કંઠય સંગીત સ્પર્ધામાં પ્રથમ ક્રમ, આશાબેન પટેલે લગ્નગીત સ્પર્ધામાં પ્રથમ નંબર તથા મેઘના રાવળે એકપાત્રીય અભિનયમાં દ્વિતીય નંબર અને ચિત્રકલામાં આશા સુથારે બીજો નંબર મેળવ્યો હતો. વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપનાર સુરેખાબેન અને આશાબેનને તથા વિજેતા વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

# આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળાનાં સંશોધન લેખની રાજ્યકક્ષાની સ્પર્ધામાં પસંદગી

ગાંધીનગર, તા. ૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત આર.જી. પટેલ કન્યા શાળાની વિજ્ઞાન ક્લબે તાજેતરમાં એસ.વી.એસ. કક્ષાના વિજ્ઞાન મેળામાં ભાગ લીધો હતો. ‘આધુનિક પાર્કિંગ મોડેલ’ કૃતિ જિલ્લાકક્ષાની સ્પર્ધામાં મોટેરા ખાતે પ્રદર્શિત કરવામાં આવી છે. તથા જિલ્લા કક્ષાની બાલ વિજ્ઞાન પરિષદ, અમિયાપુર તપોવન ખાતે ‘ગાંધીનગર શહેરના જુદા જુદા સેક્ટરમાં વસતા વસાહતીઓના ઘરમાં ઊર્જા વપરાશ અને ઊર્જા બચતનો અભ્યાસ’ વિષય પર સંશોધન નિબંધ રજૂ કર્યો હતો. જે રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યો છે.

એસ.વી.એસ. કક્ષાના વિજ્ઞાન મેળામાં આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળાની વિદ્યાર્થિની ધરાંગી પટેલ અને ધર્મપાલ શ્રેયાએ વિજ્ઞાન શિક્ષકોના માર્ગદર્શન હેઠળ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ‘આધુનિક પાર્કિંગ મોડેલ’ કૃતિ રજૂ કરી છે. તથા જિલ્લા કક્ષાની બાલ વિજ્ઞાન પરિષદમાં ગાંધીનગર શહેરના જુદા જુદા સેક્ટરમાં વસતા વસાહતીઓના ઘરમાં ઊર્જા વપરાશ અને ઊર્જા બચતનો અભ્યાસ’ વિષય પર અપેક્ષા પ્રજાપતિ, જહાનવી ચાવડા, શિવાંગિની ચૌધરી અને પરિવ્રાજક સાવિત્રીએ સંશોધન નિબંધ રજૂ કર્યો હતો. જેને રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદ કરવામાં આવ્યો છે. વિજેતા વિદ્યાર્થીઓને શાળાના આચાર્યા સુધાબેને અભિનંદન પાઠવ્યા છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૬
સૂર્યાસ્ત : ૬.૦૧

## તાપમાન

મહત્તમ : ૩૧.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૬.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૬ ટકા ● સાંજે ૩૮ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫.૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
સ્કાયફોલ (હિન્દી) : ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
ચક્રવ્યૂહ : ૧૧.૧૫
ઓહ! માય ગોડ : ૨.૦૦
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૪.૩૦
અજબ ગજબ લવ : ૭.૧૫
લવ સવ તેય ચીકન ખુરાના : ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
લવ સવ તેય ચીકન ખુરાના : ૧૦.૦૦, ૩.૦૦, ૭.૧૫
અતા પતા લાપતા : ૧૨.૩૦
સન ઓફ રામ : ૫.૩૦
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૯.૪૫

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
સ્કાયફોલ : ૮.૧૫, ૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
સ્કાયફોલ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦

: સ્ક્રીન-૩ :
૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૯.૦૦, ૨.૦૦, ૭.૧૫
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૧.૧૫
લવ સવ તેય ચીકન ખુરાના : ૪.૩૦, ૯.૪૫

: સ્ક્રીન-૪ :
લવ સવ તેય ચીકન ખુરાના : ૯.૦૦, ૧૧.૩૦, ૭.૩૦
ઓહ માય ગૉડ : ૨.૧૫
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૪.૪૫
૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૦.૧૫

### સૂર્યા, વાવોલ

૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
હું આવીશ સાજન તને મારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
સ્કાયફોલ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
ચક્રવ્યૂહ : ૧૦.૪૫, ૪.૩૦, ૧૦.૦૦
અજબ ગજબ લવ : ૨.૦૦
રશ : ૭.૩૦

### ચિરાગ, કલોલ

હું આવીશ સાજન તને મારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે. મિત્રો સાથે સમય પસાર થઈ શકે છે.

**વૃષભ** : વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે. અમુકૂલ પરિણામ માટે સક્રિયતા અને નિશ્ચિંતતા આવશ્યક છે.

**મિથુન** : સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે.

**કર્ક** : કૌટુંબીજનોના સાથ સહકાર- પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે.

**સિંહ** : આપના દ્વારા થયેલ સંચિત ધનમાં વૃદ્ધિ થઈ શકે છે. આપે ધારેલા કાર્યો પૂર્ણ થઈ શકશે. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**કન્યા** : માનસિક શાંતિ જાળવી રાખવી. આજે નવા સંબંધો બંધાઈ શકે છે. સત્સંગ થઈ શકે છે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે.

**તુલા** : અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે. જ્ઞાન શોધના કાર્યોમાં આપનું મન પરોવાશે.

**વૃશ્ચિક** : સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે. વ્યાપારમાં પ્રગતિ જણાય.

**ધન** : આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે.

**મકર** : રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. ખાનપાનમાં સંયમ રાખવું.

**કુંભ** : ઉચ્ચસ્તરીયે આપને પ્રતિષ્ઠા અને માન- સમ્માન પ્રાપ્ત થઈ શકે છે.આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે.

**મીન** : સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં તરફ પ્રેરાશો. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી હિતાવહ રહેશે.

## ચિરવિદાય

- સ્વ. નર્મદાબેન નટવરલાલ પંડ્યા(ઉ. વ.૯૧) પ્લોટ નં. ૪૪૧/૧, સેકટર-૧૨/બી, ગાંધીનગર.
- સ્વ. શંભુભાઈ મોહનદાસ પટેલ (ઉ. વ. ૭૦) મુ.પો. મોટા ચિલોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. હીરાબેન ગણપતલાલ પંચાલ(ઉ. વ. ૭૦) મુ.પો. દેલવાડ, તા.માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. ખીમજીભાઈ નારણભાઈ પ્રજાપતિ(ઉ. વ. ૮૦) ઈન્દિરાનગરના છાપરાં, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. અંજલીબેન કનુજી ખોટ(ઉ. વ. ૨૯) પ્લોટ નં. ૫૨૨/૨, સેકટર-૪/બી, ગાંધીનગર.
- સ્વ. કિરણબેન દિપસિંહ રાણા(ઉ. વ.૧૮) મુ.પો.ધણપ, તા.જિ., ગાંધીનગર.
- સ્વ. ભગવતીપ્રસાદ રમણીકલાલ વ્યાસ(ઉ. વ. ૬૩) પ્લોટ નં. ૧૩૦/૯, રવિ એપાર્ટમેન્ટ, સેકટર-૧૯, ગાંધીનગર.